જા.નં/મા-૨/૨૦૨૪/ 16958

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૧૩/૧૨/૨૦૨૪

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,
સુરત જિલ્લાની સરકારી,ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક ,માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ...

૨/- ઉક્ત પત્રની અમલવારી તથા જાણ સારૂ..

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત

# Initiative for Moral and Cultural Training Foundation

## સાંસ્કૃતિક તથા નૈતિક પ્રશિક્ષણ પ્રકલ્પ

### મૂલ્ય નિર્માણથી જ રાષ્ટ્ર નિર્માણ

પર્યાવરણ સંરક્ષણ | પારિવારિક તથા માનવીય મૂલ્યોની સ્થાપના | રાષ્ટ્રભક્તિ જાગરણ
પારિસ્થિતિકી સંરક્ષણ | વન તથા વન્યજીવ સંરક્ષણ | મહિલાઓનું સન્માન


ગુજરાત પ્રદેશ કાર્યકારણી સદસ્ય
શ્રીમતી ગીતાંજલીબેન ઇટાલીયા
૯૪૦૮૩ ૩૧૫૦૫

દક્ષિણ ગુજરાત સંયોજક
ડૉ. દીપકભાઇ રાજ્યગુરૂ
૯૯૨૫૨ ૨૨૨૨૯

સંયોજક સુરત વિભાગ
શ્રી સવજીભાઇ પટેલ
૯૩૭૪૭ ૨૨૩૩૯

સહસંયોજક પૂર્વ-ઉત્તર
સુરત વિભાગ
શ્રી મૃગેશભાઇ ભટ્ટ
૯૦૯૯૦ ૯૮૧૯૨

સહસંયોજક પશ્ચિમ-દક્ષિણ
સુરત વિભાગ
શ્રી દુર્ગેશભાઇ તિવારી
૯૦૯૯૬ ૩૨૩૨૬

સહસંયોજીકા મહિલા સમન્વય
ઈન્ચાર્જ કાર્યવાહક સુરત વિભાગ
શ્રીમતી ઉર્મિનબેન દેસાઇ
૯૧૦૪૮ ૧૭૬૩૧

સહસંયોજીકા સુરત વિભાગ
શ્રીમતી પૂજાબેન મહેતા
૯૪૨૮૭ ૯૭૫૮૪


પ્રતિશ્રી,
શ્રી ભગીરથસિંહ પરમાર
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત.

બાબત : પરંપરાગત પ્રાચીન ગરબાની સ્પર્ધાની જાણ દરેક શાળાઓને આપના કચેરીના માધ્યમથી થાય તેવી વિનંતી.

સાંસ્કૃતિક તથા નૈતિક પ્રશિક્ષણ પ્રકલ્પ આયોજિત ગુજરાતી સંસ્કૃતીની આગવી ઓળખ એવા શેરી, પ્રાચીન ગરબાની સ્પર્ધા **"ગરબા.કોમ"**

આ સ્પર્ધામાં સમગ્ર સુરત શહેર / જિલ્લા અને દક્ષિણ ગુજરાતના કલાકારોને ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ છે. આ સ્પર્ધાનો હેતુ પરંપરાગત ગરબાની કળાને સાચવવાનો તેમજ તેના મૂલ્યોને મૂળ સ્વરૂપમાં જાળવી રાખવાનો છે.

કોઈપણ સંસ્થા કે સ્કૂલના 16 વર્ષ કે એની અંદરના તેમજ 18 વર્ષથી ઉપરના કોઈપણ બહેનો કે ભાઈઓ આ હરીફાઈમાં ભાગ લઈ શકશે.

**તારીખ : 29/12/2024 (રવિવાર)**
**સ્થળ : ટી. એમ. પટેલ ઈન્ટરનેશનલ સ્કુલ,**
**પ્લોટ નં. FC 188, ટીપી, સ્કીમ નં. 1**
**રતના સાગર સોસાયટી, પીપલોદ, સુરત.**
**વધુ માહિતી માટે સંપર્ક..**
**ગીતાંજલિ ઇટાલીયા** (9408331505)
(ગુજરાત પ્રાંત કાર્ય કારિણી)
(નૈતિક એવમ સાંસ્કૃતિક પ્રશિક્ષણ સંસ્થાન)

**નોંધ : ગરબા સ્પર્ધાના નિયમો અને પુરસ્કારોની વિગત આવેદન-પત્ર સાથે સંલગ્ન છે.**

લી.
સવજીભાઇ બી. પટેલ
સંયોજક સુરત વિભાગ

13/12/24
13/12

ગરબા.કોમ સાથેનુ બિડાણ.

નૈતિક એવમ સાંસ્કૃતિક પ્રશિક્ષણ સંસ્થાન /HSSF

આયોજિત

ગરબા.કોમ.2024

ગુજરાતી સંસ્કૃતિ ની આગવી ઓળખ એવા શેરી, પ્રાચીન અને અર્વાચીન ગરબાની સ્પર્ધા..

તા. 29.ડિસેમ્બર 2024.

સમય. 12 વાગ્યા થી

સ્થળ. શ્રી ટી એમ પટેલ સ્કૂલ. સુરત

ગરબા. કોમ 2024 ની સંપૂર્ણ વિગત તેમજ નિયમો નીચે મુજબ છે

1.આ સ્પર્ધામાં સમગ્ર દક્ષિણ ગુજરાતના કલાકારોને ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ છે

2 આ સ્પર્ધાનો હેતુ પરંપરાગત ગરબાની કળા ને સાચવવાનો તેમજ તેના મૂલ્યોને મૂળ સ્વરૂપમાં જાળવી રાખવાનો છે

3. કોઈપણ સંસ્થા, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ તેમજ કોલેજ અને સ્વતંત્ર ગ્રુપની કોઈપણ બહેનો કે ભાઈઓ હરીફાઈમાં ભાગ લઈ શકશે

4. વહેલા તે પહેલાના ધોરણ અનુસાર એક ગ્રુપમાં લઘુત્તમ આઠ અને મહત્તમ 16 મહિલા કે પુરુષ સ્પર્ધક ભાગ લઈ શકશે

5. રજીસ્ટ્રેશન કરાવતી વખતે આપના ગરબા ની ઓડિયો ક્લિપ અને ભાગ લેનારાઓની વિગત આપવી ફરજીયાત છે

6.દરેક કૃતિ માટે 8 મિનિટથી મહત્તમ10 મિનિટનો સમય ફાળવવામાં આવ્યો છે જેમાં એન્ટ્રી અને એક્ઝિટ નો પણ સમાવેશ છે

7. એક વ્યક્તિ માત્ર ને માત્ર એક જ ગરબામાં ભાગ લઈ શકશે

8. રજૂઆતમાં તાલ, લય, સ્ટેપ્સ કોરિયોગ્રાફી તથા વેશભૂષા ની પસંદગીના માર્કસ ગણતરીમાં લેવામાં આવશે

9. મુખ્યત્વે પ્રાચીન અને અર્વાચીન ગરબાઓ તેમજ શેરી ગરબાઓ ગુજરાતની લોકકળા ને રજુ કરે છે જેનો ખાસ ધ્યાન રાખવું રહ્યું ફિલ્મી સંગીત ફિલ્મી રાગ ઢાળ આ સ્પર્ધામાં માન્ય ગણાશે નહીં.

10. પ્રાચીન અને અર્વાચીન ગરબાની સ્પર્ધા કોમન રહેશે.

11. આ ગરબા માટે કલાકારો જાતે તબલા હાર્મોનિયમ ની સંગતમાં ગરબો ગાઈ શકશે અથવા પેન ડ્રાઈવ નો ઉપયોગ કરી શકાશે

12. ગરબા ની રજૂઆત માટે તાળી ચપટી મંજીરા માટલી ગરબો દીવડા ધાણા ઘંટ માંડવી વગેરેનો ઉપયોગ કરી શકાશે ગરબા ના કોઈપણ સ્ટેપમાં હાથ તાળી અવશ્ય લેવી

13. ગરબો કોઈ એક કૃતિ ઉપર જ હોવો જોઈએ બે અથવા ત્રણ અલગ અલગ કૃતિ અથવા ગીતને માન્ય રાખવામાં આવશે નહીં

14. અંતિમ નિર્ણય નિર્ણાયક નો માન્ય રાખવામાં આવશે જે નિર્વિવાદ અને સૌને શીરો માન્ય રહેશે

15. ગ્રીન રૂમ અથવા ડ્રેસીંગ રૂમ ની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ડ્રેસીંગ તેમજ મેકઅપ કરીને આવવા વિનંતી

16. સંપૂર્ણ રજીસ્ટ્રેશન ની વિગત

સાથે ડિપોઝિટ પેટે ☐1000/- ( રિફન્ડેબલ) ભરવાના રહેશે. કે જે સ્પર્ધાના હાજર રહેનાર કૃતિને પરત કરવામાં આવશે.

17. ગરબા સ્પર્ધા માટે કોઈ પણ માલ સામાનની જવાબદારી સ્પર્ધકની પોતાની જ રહેશે તેમજ તે માટે આયોજકો જવાબદાર નહીં રહે

18. સ્પર્ધા શરૂ થયાના 30 મિનિટ અગાઉ દરેક સ્પર્ધક પોતાનો ઓડિયો સાઉન્ડ સિસ્ટમ વાળા પાસે ચેક કરાવી તૈયાર રાખે

19. પ્રોગ્રામ દરમિયાન કોઈપણ ચેન્જીસ માન્ય રાખવામાં નહીં આવે

20. અનિવાર્ય સંજોગો અનુસાર સ્પર્ધા ના સમય તેમજ સ્થળમાં ફેરફાર કરવા માટેનો સર્વે હક આયોજક પાસે છે

21. અનિવાર્ય સંજોગોમાં પ્રોગ્રામ રદ કરવાની ફરજ પડશે તો ફક્ત રજીસ્ટ્રેશન ફી પરત કરી દેવામાં આવશે

22. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક કલાકારો તેમજ તેમના લીડર દરેક સ્પર્ધક નું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ ચેક કરે.

કોઈપણ મેડિકલ રિલેટેડ મુશ્કેલી માટે આયોજક જવાબદાર નહીં રહે તેની ખાસ નોંધ લેવા વિનંતી

23. ફોર્મ સાથે ઓળખપત્ર આપવું અનિવાર્ય છે

24. ગરબો બુલંદ અવાજે ગવાવો અને જિલાવો
જોઈએ

25. સંસ્થા તરફથી ફક્ત માઈકની વ્યવસ્થા કરવામાં આવશે

25 ગરબા રજૂ કરવાના હોય એની ચાર કોપી ફોર્મ સાથે આપવી ફરજિયાત છે

26. ગરબા નો ક્રમ ડ્રો સિસ્ટમથી આપવામાં આવશે એ અંગે કોઈ પણ વાદવિવાદ માન્ય રખાશે નહીં

27. સ્પર્ધકોએ ખેલ દિલીપૂર્વક ભાગ લેવાનો રહેશે અને કાર્યક્રમમાં શાંતિ જાળવવી એ પણ આપણી જ જવાબદારી રહેશે.

28. દરેક સ્પર્ધકને પ્રોત્સાહન માટે સ્પર્ધામાં ભાગ લેવાનું સર્ટિફિકેટ આપવામાં આવશે

29. સ્પર્ધામાં વિજેતા કૃતિને પ્રથમ, દ્વિતીય અને તૃતીય તેમજ પ્રોત્સાહન ઈનામ આવશે.

પ્રવેશ માટે નું ફોર્મ

ટીમનું નામ...

સરનામું...

ટીમ લીડરનું નામ...

મોબાઈલ નંબર..

ભાગ લેનાર ભાઈઓ કે બહેનોના નામ

1..

2.

3.

4.

5.

6.

7.

8.

9.

10.

11.

12.

13.

14.

15.

16.

17.

18.

19.

20.

વાજિંત્ર વાદક નું નામ

1..

2..

3..

આભાર🙏

આયોજક. નૈતિક એવામ સાંસ્કૃતિક પ્રશિક્ષણ સંસ્થાન (IMCTF )/HSSF
ગીતાંજલિ ઇટાલીયા.. ગુજરાત પ્રાંત કાર્યકારિણી
ડૉ. દીપકભાઈ રાજગુરુ.. દક્ષિણ ગુજરાત સંયોજક
સવજીભાઈ પટેલ.. સંયોજક સુરત વિભાગ.

નૈતિક એવમ સાંસ્કૃતિક પ્રશિક્ષણ સંસ્થાન (IMCTF )/HSSF,
સુરત મહાનગર.

દ્વારા આયોજિત ગરબા.કોમ 2024 ની સ્પર્ધાના નિયમો મેં વાંચ્યા છે, સમજ્યા છે આ સાથે હું તેમજ અમારા ગ્રુપના દરેક સભ્યો આ નિયમોનું ચુસ્તપણે પાલન કરીશું અને અમારો સહકાર આપીશું એની બાંહેધરી આપીએ છીએ

અમે ખાતરી આપીએ છીએ કે અમે આ ગરબાના નિયમો વાંચ્યા અને સમજ્યા છે એનું પાલન કરીશું

નિરીક્ષકો દ્વારા આપવામાં આવેલા અંતિમ પરિણામો અંગે કોઈ વિવાદ નહીં હોય 🙏

સહી..